આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૭૮ — ૮ સપ્ટેમ્બર, ૨૦૧૩, રવિવાર; ભાદરવા સુદ - ૩ — પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


ભોગમાં મેળવવાની ચિંતા,
સાચવવાની ચિંતા,
ગુમાવવાની ચિંતા એટલે જ
ભોગ સાથે ચિંતા રહેલી છે
- લોંગ ફેલો




# રણાસણ ગેસ દુર્ઘટનામાં સાતના મોત

## મહુડી પાસેના કોલ્ડ સ્ટોરેજમાં એમોનિયા ગેસની પાઈપ તૂટતા થયેલ ગેસ ગળતર અને આગને પગલે અંદર ફસાયેલા ૧ ૨ પૈકી સાતના કરૂણ મોત જ્યારે ચારને ગાંધીનગર સીવીલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા

ગાંધીનગર, તા.૭

મહુડી નજીક રણાસણ જીઆઈડીસીના મનન કોલ્ડ સ્ટોરેજમાં આજે અમોનિયા ગેસ લીક થઈ જવાના કારણે ઓછામાં ઓછા સાત લોકોના મોત થયા હોવાના અહેવાલ મળ્યા છે. કેટલાક લોકો ફસાઈ ગયા હોવાના પણ અહેવાલ મળ્યા છે. પાઈપ ઉપર પેટી પડતાં આ ગેસ લીકેજ થયો હતો. અસરગ્રસ્ત સાત લોકોને બહાર કાઢીને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા પરંતુ તમામને મૃત જાહેર કરાયા હતા. કોલ્ડ સ્ટોરજમાં ગેસ લીક થયા બાદ આગ લાગી હતી. પોલીસે સમગ્ર મામલામાં તપાસના આદેશ આપી દીધા છે.

### ગાંધીનગર સીવીલમાં સારવાર લેતા ઈજાગ્રસ્તો

- કૌશિક વિષ્ણુભાઈ રાવલ
- રવિકુમાર ગુણવંતભાઈ પરમાર
- ભાવનાબેન નવીનભાઈ વિહોલ
- ભાવેશ બાબુભાઈ વિહોલ

### વીજાપુર હોસ્પિટલમાં સારવાર લેતા ઈજાગ્રસ્તો

રજનીકાંત ડાહ્યાભાઈ પરમાર
મહેશ જેઠાભાઈ પરમાર

વિશ્વસનિય સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, કોલ્ડ સ્ટોરેજમાં આકસ્મિક રીતે અમોનિયા ગેસ લીક થઈ જવાના કારણે સમગ્ર તંત્રમાં ખળભળાટ મચી ગયો હતો અને ભાગદોડ મચી ગઈ હતી. અમોનિયા ગેસ લીક થઈ જવાના કારણે કોલ્ડ સ્ટોરેજમાં કામ કરી રહેલા પાંચ લોકોના મોત થઈ ગયા હતા. જોકે પાંચ લોકોના મોતના અહેવાલને પોલીસે મોડે સુધી સમર્થન આપ્યું ન હતું. બચાવ અને રાહત કામગીરી તરત જ હાથ ધરવામાં આવી હતી. બચાવ અને રાહત કામગીરીમાં સામેલ કર્મચારીઓ છતને કાપીને અંદર પહોંચ્યા હતા. જોકે આ પ્રક્રિયામાં ખૂબ વિલંબ થયો હતો. મહેસાણામાં આ બનાવના કારણે લોકોમાં ભારે દહેશત ફેલાઈ

● અનુસંધાન પાન-૭ પર













